p-R-O

# -: જાહેરનામું :-

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩(૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ ૩૭(૩) અન્વયે કાઢેલ હુકમ:**

**નંબર : વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/ ૦૪ /૨૦૨૦**

વંચાણે લીધા:-(૧).પોલીસ ઇન્સ.શ્રી રખિયાલ નાઓએ તેમના પત્ર ક્રમાંક/૨૬૦/૨૦૨૦ તા. ૨૧/૦૧/૨૦૨૦ તથા (૨).પોલીસ ઇન્સશ્રી રાણીપ નાઓના જાવક પત્ર ક્રમાંક/૪૧૧/૨૦૨૦ તા. ૨૧/૦૧/૨૦૨૦ આધારે.

હાલમાં અમદાવાદ શહેરમાં CAA,NRC ના કાયદાના વિરોધમાં અને સમર્થનમાં વિભિન્ન કાર્યક્રમો યોજાઇ રહેલ છે.અને હાલમા CAA,NRC ના કાયદાના વિરોધમાં અને સમર્થનમાં A.B.V.P અને N.S.U.I ના વિધાર્થી સંગઠનો વચ્ચે ઝપાઝપી થયેલી અને CAA,NRC ના કાયદાના વિરોધમાં અમદાવાદ શહેર મા રખિયાલ ખાતે ખાનગી જગ્યામા વિરોધ પ્રદર્શન દિલ્હી ના શાહીન બાગની ઢબે ચાલુ હોય અને આગામી ૨૬ મી જાન્યુઆરીના રોજ ગણતંત્ર દિવસ રાષ્ટ્રીય તહેવાર ઉજવવામાં આવનાર હોય,આવા સંજોગોમાં અસામાજીક તત્વો શહેરમાં અશાંતિ ન ફેલાવી શકે અને જાહેર વ્યવસ્થા જળવાઇ રહે તે માટે સાવચેતી જરૂરી જણાય છે.

વાસ્તે,હું આશિષ ભાટિયા,પોલીસ કમિશનર,અમદાવાદ શહેર,ગુજરાત સરકારના ગૃહ વિભાગ ના તા.૦૮.૧૧.૧૯૮૨ ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૦૭.૦૧.૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નં.જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩(૧૯૭૪ ના નં.૨)ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ ૩૭(૩) અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,નીચે જણાવેલ વિસ્તારમાં તા.૨૬.૧.૨૦૨૦ ના કલાક ૦૬.૦૦ વાગ્યાથી તા.૦૯.૦૨.૨૦૨૦ ના કલાક ૨૪.૦૦ વાગ્યા સુધી અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં સાર્વજનિક સ્થળોએ કાયદેસર કામ કરનાર કોઈ વ્યક્તિને થતી અડચણ ,ત્રાસ કે નુકશાન અથવા લોકોના જાન, સ્વાસ્થ્ય કે સલામતિને થતુ જોખમ અથવા જાહેર સુલેહ-શાંતિનો ભંગ કે હુલ્લડ કે બખેડો થતો અટકે તે હેતુથી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઇ સભા ભરવી કે, બોલાવવી નહી તેમજ કોઇ સરઘસ કાઢવું નહી.

<u>વિસ્તાર</u> : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

<u>અપવાદ</u> : આ હુકમ જે વ્યકિત સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાન યાત્રા અને લગ્નનાં વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતનાં ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપું છું કે,આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધિ કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ.સુધીના હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજરોજ તા.૨૫/૦૧/૨૦૨૦ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

( આશિષ ભાટિયા )
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર